Extra No. 51

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, JANUARY 22, 2026 / MAGHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના તારીખઃ ૯મી જાન્યુઆરી, ૨૦૨૬ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૬/૦૨/એફસીએસસીએડી/એએસએમ/ઈ-ફાઈલ/૫/૨૦૨૩/૦૧૪૨/એ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Assistant Director, Class II, in the General State Service, under the Food, Civil Supplies and Consumer Affairs Department, Recruitment Rules, 2014

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ નિયામક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૪ સુધારવા સંબંધી

જાહેરનામું

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જાન્યુઆરી, ૨૦૨૬

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીટીએચ/૨૦૨૬/૦૨/એફસીએસસીએડી/એએસએમ/ઈ-ફાઈલ/૫/૨૦૨૩/૦૧૪૨/એ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ નિયામક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ નિયામક, વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ નિયામક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨માં, ખંડ (ખ)માં, "ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે" એ શબ્દોને બદલે, "સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪માં,-

(૧) ખંડ (ક)માં, "૩૦ વર્ષ" એ આંકડા અને શબ્દોને બદલે, "૩૫ વર્ષ" એ આંકડા અને શબ્દો મૂકવા;

(૨) ખંડ (ખ)માં, પેટા-ખંડ (૧)માં, "પદવી" એ શબ્દોને બદલે, "સ્નાતકની પદવી" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, જ્યાં જ્યાં "સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે" એ શબ્દો આવતા હોય, ત્યાં તે શબ્દોને બદલે, "સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રોનક મોદી,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.02.04 10:48:30 IST